દીનાનાથ તમે મારી રક્ષા કરો, મમ મસ્તક પર તવ હસ્ત ધરો, હરિ હૈયા તણો સહુ મેલ હરો, સદ્‌વિચાર અને સદ્‌ભાવ ભરો.

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૧ | ૨૨ નવેમ્બર, ૨૦૨૦, રવિવાર; કારતક સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ૨૧મી સદીમાં દુનિયાને ભારત પાસે આશા : મોદી

## પીડીપીયુ દિક્ષાંત સમારોહમાં વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સથી સંબોધન કર્યું : ગુજરાતની વીજળી ક્ષેત્રની સિદ્ધી પરિવર્તનનું ક્ષેષ્ઠ ઉદાહરણ, વિતેલા દાયકાના યુવાનોએ દેશ માટે જિંદગી ખપાવી, તમે આત્મનિર્ભર ભારત માટે જીવો, એનર્જી ક્ષેત્રમાં અનેક સંભાવનાઓ, પડકારને સ્વીકારનાર વ્યક્તિ સફળ થાય છે

ન્યુ દિલ્હી,તા.૨૧

પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યૂનિવર્સિટીનો આઠમો દિક્ષાંત સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રિલાયન્સના ચેરમેન અને પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યૂનિવર્સિટીના પ્રમુખ મુકેશ અંબાણીએ વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ વીડિયો કોન્ફરન્સથી ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગર સ્થિત પંડિત દીન દયાળ પેટ્રોલિયમ યૂનિવર્સિટીના આઠમા દીક્ષાંત સમારંભને સંબોધિત કર્યુ હતું. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યુ કે સંસ્થામાંથી પાસ થનારા વિદ્યાર્થી દેશની નવી તાકાત બનશે. પીએમ મોદીએ કહ્યુ કે પંડિત દીન દયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યૂનિવર્સિટીના ૮માં કોન્વોકેશનના પ્રસંગે તમને બધાને ઘણી શુભેચ્છા. આજે જે સાથી ગ્રેજ્યુએટ થઈ રહ્યા છે, તેમના અને તેમના માતા-પિતાને પણ ઘણી શુભકામનાઓ.

● અનુસંધાન પાન-૭ પર

## ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર કોરોના પોઝિટિવ થતાં ક્વોરન્ટાઈન થયા

વોશિંગ્ટન,તા.૨૧

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના મોટા પુત્ર ડોનાલ્ડ જુનિયરને કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવતાં એણે પોતાને ક્વોરંટાઈન કરી લીધો હતો.

ડોનાલ્ડના સેક્રેટરીએ કહ્યું કે આ અઠવાડિયાના આરંભે ડોનાલ્ડની તબિયત બગડી હતી અને મેડિકલ ટેસ્ટ કરાવ્યા પછી કોરોના પોઝિટિવનો રિપોર્ટ આવતાં ડોનાલ્ડે જાતે ક્વોરંટાઈન અપનાવી લીધું હતું.

તાજેતરની પ્રમુખની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ ડેમોક્રેટિક સભ્ય જો બાઈડન સામે ચૂંટણીમાં હારી ગયા હતા. પરંતુ તેમનો મૂડ જોતાં એ વ્હાઈટ હાઉસ ખાલી કરવા માગતા નથી એવું લાગતું હતું. એમણે કેટલાંક એવાં પગલાં લીધાં હતાં જેનાથી એવી છાપ પડતી હતી કે એ વ્હાઈટ હાઉસ છોડવા માગતા નથી.

### દુઃખદ અવસાન



અમારા પૂજ્ય પિતાશ્રી **વિનોદભાઈ સકળચંદ શાહ (માંડલવાળા, Ex. BOI)** તા.૨૦-૧૧-૨૦૨૦ને શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે. પ્રભુ તેમના પવિત્ર આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને બેસણું રાખેલ નથી**

વિદ્યાબેન વિનોદભાઈ શાહ

પાયલ અસીમ શાહ — ડો.અસીમ શાહ - મો.૯૮૨૫૧ ૬૮૯૫૯

જીગેનભાઈ કે. શાહ — મનીષા જીગેનભાઈ શાહ

રૂપા કેયુર શાહ — કેયુર શાહ - મો.૯૮૨૫૦ ૨૮૯૪૮

ડો.આર્જવ, જૈનમી, ધ્રસની








